# <u>પ્રેસનોટ</u>

## ગણનાપાત્ર જુગારનો કેસ શોધી કાઢતી

## શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'એફ'ડીવીઝન,અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ સિનિ.પો.ઈન્સ. શ્રી એ.કે.પટેલ તથા પો.સ.ઈ.શ્રી એસ.એ.દેસાઈ તથા સર્વેલન્સ સ્કવોડના સ્ટાફ ના માણસો સાથે પ્રોહી/જુગારની પ્રવૃત્તિ અટકાવવા સારું પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી હકીકત આધારે 'જુની ભોગીલાલની ચાલીમાં રહેતા મહોબતસિંહ ઉર્ફે ટાઇગર નરપતસિંહ ચાવડાનાઓ પોતાની માલિકીના મકાનમાં કેટલાક બહારથી માણસો બોલાવી પોતાના આર્થિક ફાયદા સારૂ ગંજી પાનાથી તીનપત્તીનો પૈસાની હાર જીતનો જુગાર રમાડે છે અને હાલમાં આ જુગારની પ્રવૃત્તિ ચાલુ છે' વિગેરે હકીકત આધારે નાયબ પોલીસ કમિ. શ્રી ઝોન-૪ સાહેબની કચેરીથી વોરંટ મેળવી રેઈડ કરતા કુલ્લે-૧૬ આરોપીઓને સ્થળ ઉપર પકડી અંગઝડતી તથા દાવના રોકડ <u>રૂ.૧૦,૨૨૦/-</u> તથા <u>મો.ફોન નંગ-૧૦</u> જેની <u>કિં.રૂ.૧૨,૪૦૦/-</u> તથા ગંજીપાના નંગ-૫૨ જેની કી.રુ.00/00 મળી કુલ્લે <u>રૂ.૨૨,૬૨૦/-</u>નો મુદ્દામાલ કબ્જે કરી પકડાયેલ ઈસમોને ધી જુગારધારા કલમ-૪,૫ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે.

તા.૦૮/૦૮/૨૦૧૯

CS Scanned with CamScanner

શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતેની શીટીમ ના પોલીસ અધિકારીઓએ કર્મચારી રક્ષાબંધન પર્વ ઉજવણી કરવામાં આવેલ. તેમજ મહિલા સશકતિકરણ અને સુરક્ષા બાબતે જન જાગૃતી લાવવા તેમજ શી ટીમ ની કામગીરી બાબતે વાકેફ કરી સુચનાઓ કરી ઉજવણી કરવામાં આવી. મહિલાઓને કોઇ પણ જાતની તકલીફ હોય તો ૧૮૧ મહિલા સુરક્ષા હેલ્પ લાઇનનો ઉપયોગ કેવી રીતે કરવો અને જે તે તકલીફ બાબતેના નિવારણ સારુ જરુરી મદદ કેવી રીતે મેળવી શકાય તે બાબતે માહિતગાર કરવામાં આવ્યા








